નવી બાબત : ૨૦૧૫-૧૬

વડોદરા શહેર માટે વધુ બે નવા ઝોન અને ચાર નવા ડીવીઝનો ઉભા કરવા અને તે માટે વિવિધ સંવર્ગનું મહેકમ મંજુર કરવા બાબત. (આયોજન).

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ.

ઠરાવ ક્રમાંક : મહક-૧૦૨૦૧૪-૪૮૦૫-સ

સચિવાલય,ગાંધીનગર

તારીખ: ૧૮/૦૪/૨૦૧૫

વંચાણમાં લીધા :

(૧) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ,ગાંધીનગરની કચેરીનો તા.૧૬/૧૨/૨૦૧૪ના પત્ર ક્રમાંક ઇ-/૧૫૩૬/નવીસેવા-૨૦૧૫-૧૫/૨૭૦૭/૧૪.

(૨) વર્ષ : ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રકાશન નં. ૧૨, પાના નંબર : ૧૬૯.

## ઠરાવ :-

રાજયનાં વડોદરા શહેર માટે હાલમાં ઉત્તર ઝોન તથા દક્ષિણ ઝોન એમ બે પોલીસ ઝોન છે. તેમજ એ, બી, સી, અને ડી એમ કુલ ચાર ડીવીઝન છે. વધુ બે નવા પોલીસ ઝોન અને ચાર નવા ડીવીઝન ઉભા કરવા માટે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીએ સંદર્ભ-૧માં દર્શાવેલ તેઓના તા.૧૬/૧૨/૨૦૧૪ના પત્રથી નાણાકીય વર્ષ : ૨૦૧૫-૧૬નાં અંદાજપત્રમાં તે માટે મહેકમ મંજુર કરવા દરખાસ્ત કરેલ છે.

ઉક્ત દરખાસ્ત પર કાળજીપૂર્વક વિચારણાને અંતે વડોદરા શહેર માટે વધુ બે નવા ઝોન પૂર્વ ઝોન અને પશ્ચિમ ઝોન તથા વધુ નવા ચાર ડીવીઝન ઇ, એફ, જી, અને એચ મંજુર કરવામાં આવે છે. તથા તે માટે નવું મહેકમ મંજુર કરવા માટે વર્ષ : ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં આયોજન હેઠળ નવી સેવા તરીકે સમાવેશ કરી રૂ. ૧,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક કરોડ પુરા) ની જોગવાઇ કરવામાં આવેલ છે અને નીચે મુજબની વિવિધ સંવર્ગની ૬૦ (સાઇઠ) જગ્યાઓ તા.૨૯/૦૨/૨૦૧૬ સુધીની મુદત માટે ઉભી કરવાની અને ભરવાની વહીવટી મંજુરી આથી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

| ક્રમાંક | જગ્યાનો હોદો | જગ્યાની સંખ્યા | પે બેન્ડ | ગ્રેડ પે. |
|---|---|---|---|---|
| ૧ | નાયબ પોલીસ કમિશ્નર | ૨ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ |
| ૨ | મદદનીશ પોલીસ કમિશ્નર | ૪ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ |
| ૩ | અંગત મદદનીશ | ૨ | ૯૩૦૦-૩૪૮૦૦ (૧૩૭૦૦ ફિક્સ વેતન) | ૪૨૦૦ |
| ૪ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર | ૪ | ૯૩૦૦-૩૪૮૦૦ (૧૩૭૦૦ ફિક્સ વેતન) | ૪૪૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | સીનીયર કલાર્ક | ૪ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૬ | જુનિયર કલાર્ક | ૪ | ૫૨૦૦-૨૦૨૦૦ (૭૮૦૦ ફિક્સ વેતન) | ૧૮૦૦ |
| ૭ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૪૦ | ૫૨૦૦-૨૦૨૦૦ (૭૮૦૦ ફિક્સ વેતન) | ૧૮૦૦ |
| | કુલ | ૬૦ | | |

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૮. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૯. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

૧૧. આ જગ્યાઓ ભરતી વખતે અનાંમતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

१२ આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

१३. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમપ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

१४. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

१५. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે - તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ : ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે નીચેના સદરે કરવાનું રહેશે.

મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ પેટા મુખ્ય સદર:૦૦ ગૌણ સદર:૧૦૯-જિલ્લા પોલીસ, પેટા સદર:૦૧-**MEP-6**-જિલ્લા પોલીસ ખુદ, પ્લાન કોડ નંબર : ૧૧૪૫૦૫ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તા. ૧૫/૦૪/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ..

પ્રતિ,

-મહા મહિમ રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન ગાંધીનગર.(પત્ર ધ્વારા).
-માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
-માનનીય રાજય કક્ષાનાં મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
-પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,પોલીસ ભવન, ગાંધીનગર.

-મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ, સેક્ટર-૧૦-એ, 'ચ' રોડ, ગાંધીનગર.

-નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.

-પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.

-અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-અગ્ર સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-સંયુક્ત સચિવશ્રી (ક.ગ.), ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

-એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ / અમદાવાદ.

-પગાર અને હિસાબ નિયામકશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-પેન્શન અને પ્રોવિન્ડડ ફંડ નિયામકશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વડોદરા.

-નાણા સલાહકારશ્રી (ગૃહ),નાણાવિભાગ,સચિવાલય,ગાંધીનગર.

-નાણા વિભાગ/ઝ-૧-શાખા,સચિવાલય,ગાંધીનગર.

-સેકશન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, બ, બજેટ, અ શાખા, સચિવાલય,ગાંધીનગર.

-શાખા સિલેકટ ફાઇલ/ના.સે.અધિકારી સિલેકટ ફાઇલ.

-નવી બાબતો વર્ષ:૨૦૧૫-૧૬ની સિલેકટ ફાઇલ.

*****